શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી શરૂ કરવામાં આવી છે નગરના મુખ્યમાર્ગોનુ પણ વાઇબ્રન્ટને અનુલક્ષી પેચવર્ક કરવામાં આવનાર છે. જયારે સેકટરોના એપ્રોચ માર્ગને પણ ફોરટ્રેક બનાવાની કામગીરી ચાલી રહી છે. શહેરના સે-૨૧ માં પણ મસ્જીદથી શાકમાર્કેટ વચ્ચેના માર્ગનુ વાઇડનીંગ કરવાનુ બાકી કામ શરૂ કરી દેવાયુ છે

શહેરમાં દેવ દિવાળીનું પર્વ ધામધૂમથી ઉજવાયું

શહેરીજનોએ દિપ પ્રગટાવી ફટાકડાં ફોડીને ઉજવણી કરી : મંદિરોમાં અન્નકૂટ ભરાયાં : અનેક ઠેકાણે તુલસીવિવાહ તથા સત્યનારાયણની કથા જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં આજે દેવ દિવાળીનું પર્વ ઉલ્લાસપૂર્વક ઉજવાયું હતુ જેમાં શહેરીજનોએ દિવાળીની જેમ જ દિપ પ્રગટાવી તથા ફટાકડાં ફોડીને ઉત્સવ ઉજવ્યો હતો. આ ઉપરાંત શહેરમાં અનેક ઠેકાણે તુલસીવિવાહ તથા સત્યનારાયણની કથા સહિત ધાર્મિક કાર્યક્રમો યોજાયાં હતા તેમજ વિવિધ શુભકાર્યો હાથ ધરાયાં હતા તેમજ મંદિરોમાં અન્નકૂટ ભરાયાં હતા.

કાર્તિકી પૂર્ણિમા એટલે કે દેવ દિવાળનું પર્વ શાસ્ત્રોક્ત રીતે ખૂબ મહત્વ ધરાવે છે અને આ દિવસે દેવો પૃથ્વી પર આવે છે તેવી એક પૌરાણિક માન્યતા પ્રચલિત છે. દેવોના આગમનને અનુલક્ષીને દેવોની આ દિવાળીને પૃથ્વીવાસીઓ પણ એટલાં જ હર્ષોલ્લાસથી ઉજવે છે જેટલા હર્ષોલાસથી દિવાળીનું પર્વ ઉજવાય છે. વળી દેવ ઉઠી અગિયારસથી પૂનમ સુધીના પાંચ દિવસ ભીષ્મ પંચકથી ઓળખાય છે આ દિવસો અત્યંત શુભ હોવાથી નાગરીકો પોતાના ઘર કે દુકાન-કાર્યાલયમાં હાથ ધરવાના શુભ કાર્યો, ધાર્મિક કાર્ય કે નવી શરૂઆત કરવાના કાર્યોનું આયોજન કરે છે. દેવ દિવાળીના પર્વે શહેરમાં દિવાળીની જેમ જ ફટાકડાં ફૂટ્યા હતા અને શહેરીજનોએ પોતાના ઘરને દિપમાલાથી સજાવ્યું હતું.

કારતક એકાદશીથી પૂર્ણિમા સુધીના દિવસો દરમ્યાન તુલસીવિવાહનું આયોજન પણ કરવામાં આવતું હોય છે તેથી તુલસીવિવાહ માટેના આજના છેલ્લા દિવસે શહેરની કેટલીક સોસાયટીઓ તથા મંદિરોમાં પણ તુલસીવિવાહ યોજવામાં આવ્યાં હતા. શહેરના નગરદેવ ગણાતા પંચદેવ મંદિરે પણ દર વર્ષની જેમ તુલસીવિવાહનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત શહેરના અનેક મંદિરોમાં આજે અન્નકૂટના આયોજન કરવામાં આવ્યાં હતા. અનેક શ્રદ્ધાળુઓએ પોતાના ઘર-દુકાન કે ઓફિસમાં ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કર્યુ હતુ. આજે દેવદિવાળીના દિવસે શહેરીજનઓએ મિષ્ઠાન આરોગ્યાં હતા અને નવા વસ્ત્રો પરિધાનમાં સજીને આ શુભ પર્વની ઉજવણી કરી હતી.

ગુરૂનાનક જયંતિની પણ ભક્તિમય ઉજવણી કરાઈ

શહેરના સેક્ટર-૩૦ ખાતેના શીખ ગુરૂદ્વારા ખાતે આજે પ્રથમ ગુરૂદેવ ગુરૂનાનક દેવની ૫૫૨મી જન્મજયંતિને પ્રકાશ પર્વની ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી દરમ્યાન ગુરૂદ્વારોને રોશનીથી શણગારવામાં આવ્યું હતું અને સવારથી જ શ્રી અખંડ પાઠ, કિર્તન સંગત તેમજ અરદાસના આયોજન સાથે સમાપને લંગર ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શહેરના શીખ તથા અન્ય પંજાબી પરિવારોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

પંચદેવ મંદિરે તુલસીવિવાહ યોજાયાં

શહેરના નગરદેવતા કહેવાતા સે. ૨૨ના પંચદેવ મંદિરે દર વર્ષની પરંપરા અનુસાર તુલસીવિવાહનું આયોજન કરાયું હતું. એકાદશીથી પૂનમ સુધીના પાંચ દિવસના ભીષ્મ પંચકના અંતિમ દિવસે યોજાયેલા તુલસીવિવાહના મુખ્ય યજમાન મયંકભાઈ ઠાકર હતા અને પંચદેવ મંદિરના ધર્માચાર્ય પૂ. ફુલશંકર શાસ્ત્રીજીએ આશિર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે પંચદેવ મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી અમિતભાઈ શેઠ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

અક્ષરધામ નજીક ૫૦ કરોડના ખર્ચે ઈન્ટર પ્રિટેશન સેન્ટર બનશે

વન વિભાગ દ્વારા નિર્માણ થનાર ૩ડી, ૪ડી જેવો રિઅલ એક્સપિયરન્સ આપતુ દેશમાં આ પહેલુ સેન્ટર બનશે જે ગાંધીનગરનું નજરાણુ હશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાના અભિયાનના ભાગરૂપે અક્ષરધામ નજીક રૂ. ૫૦ કરોડના ખર્ચે વન વિભાગ દ્વારા ઈન્ટર પ્રિટેશન સેન્ટર બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

વન વિભાગના સૂત્રો પાસેથી મળેલ વિગતો મુજબ જંગલ અને તેમાં વસતા જીવો, પૂલો, વૃક્ષો સહિતની ઈકો. સિસ્ટમ અંગે નાગરિકોને અવગત કરાવવા માટે ૩૦ જેટલા વાઈલ્ડ લાઈફ ઈન્ટર પ્રિટેશન સેન્ટર બનાવાયા છે પરંતુ આ તમામ જંગલ કે અભ્યારણોમાં છે. આ સેન્ટરો પર ઓડિયો, વીડિયો કે ફોટોગ્રાફ્સ મારફતે માહિતી આપવામાં આવે છે.

ગાંધીનગરમાં આકાર પામનાર આ ઈન્ટર પ્રિટેશન સેન્ટર ૩ડી કે ૪ડી જેવો રિઅલ એક્સપિરિયન્સ આપતુ પહેલુ સેન્ટર બનશે. આ સેન્ટરનો મુખ્ય હેતુ રાજ્યના કુદરતી જંગલો અને વન્ય જીવોના વારસાને એક છત નીચે ભેગા કરવાનો છે.

ગુજરાત રાજ્યમાં આવેલા અભ્યારણો અને વન્ય જીવનના વૈવિધ્યને જોવા અને સમજવાનું સામાન્ય નાગરિકો માટે અઘરૂ હોય છે. વળી આબોહવાની સાથે વન્ય જીવો અને વનરાજીમાં ઘણા પરિવર્તનો આવતા હોય છે. ઝરણા, નદી કે તળાવોમા ંપણ આબોહવા મુજબ મોટા ફેરફારો થાય છે. વન્યજીવનનો બારમાસી મિજાજ સમજવા હોય લાંબો સમય અને અભ્યાસની જરૂર હોય છે. આથી સંશોધક અને બાળક સહિત દરેક વર્ગ અને વયની વ્યક્તિને રીઅલ એક્સપિયરન્સ આપી વન્યજીવનની સમજણ આપવાનો હેતુ છે.

આ સેન્ટરમાં આવતા મુલાકાતી માટે સૌ પ્રથમ એરિએન્ટેશન સેક્શન હશે જ્યાં મુલાકાતીઓને સેન્ટરનો પરિચય અને હેતુ સમજાવવામાં આવશે. આ માટે ઓડિયો અથવા ફાસ્ટ વોક થ્રુ નો ઉપયોગ થશે.

સેન્ટરમાં પ્રવેશ કર્યા બાદ સાયકલ, રોડ અથવા વોક વે મારફતે ગીચ જંગલોની સફરે લઈ જવામાં આવશે. રસ્તામાં વનસ્પતિઓ, દિવાલો આવતી જશે. વચ્ચે એક ટનલ બનાવાશે જેની દિવાલો અને ફલોરને એલસીડીથી સજ્જ કરવામાં આવશે. આ સ્ક્રીન પર ભૌગોલિક સ્થિતિ ઈકો સિસ્ટમ અને ફોરેસ્ટ લેન્ડસ્કેપના વિવિધ પાસા જોવા મળશે.

મુલાકાતીઓને ગીરના જંગલ કે વિજયનગરના પોળોના જંગલ અથવા નર્મદાના જંગલોમાં જેવા અલગ અલગ ફોરેસ્ટ વિસ્તારોમાંથી પસાર થતી વખતે હવામાન-વનસ્પતિ, પ્રાણી, પ્રાણીઓ વગેરેમાં પણ જે તે જંગલ જેવું વૈવિધ્ય જોવા મળશે.

જે ટનલ બનાવવામાં આવશે તે અંદાજે ૨૦ થી ૨૫ મીટરની હશે અને દરેક ટનલમાં અલગ અલગ જંગલો અને હવામાનનો અનુભવ થશે. આ સૂત્રોએ જણાવ્યું છે કે કોઈ એક જંગલ સવારે બપોરે અને રાત્રે કેવુ હોય છે તે જાણવુ હોય તો પણ ગણતરીની મિનિટોમાં આ ટનલનો અનુભવ થઈ જશે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં વધુ એક કેસ : સે. ૨૩ના યુવાનને કોરોના પોઝીટીવ

આ મહિનામાં જ કોરોનાના ૭ કેસ થતાં તંત્ર એલર્ટ મોડ પર : પાંચને ડિસ્ચાર્જ અપાયુ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં કોરોનાના ત્રીજા વેવની સંભાવનાઓ અંગે ખતરાની ઘંટડી વાગી રહી હોવાનું જણાતાં તંત્ર સતર્ક બન્યુ છે. આજે વધુ એક કેસ કોરોનાનો આવ્યો છે. આ માસમાં અત્યાર સુધીમાં આ સાતમો કેસ નોંધાયો છે.

શહેરમાં ધીમી ગતિએ વધી રહેલા કોરોનાના કેસોથી તંત્રમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે. તંત્રએ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવાની સાથે સાથે ફરજીયાત માસ્કના નિયમની અમલવારીને લઈ તાકીદ કરી છે.

ગાંધીનગર શહેરમાં આજે સતત બીજે દિવસે કોરોનાનો વધુ એક કેસ નોંધાયો છે. આજે ૧૯ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨૩ માં રહેતો આ વિદ્યાર્થી પરીક્ષા માટે અમદાવાદ ગયો હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ વિદ્યાર્થીએ વેક્સિનના બન્ને ડોઝ લીધા હોવાનું પણ જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં ધીમી ગતિએ કેસો વધી રહ્યા છે. આજે શહેરમાં અગાઉ નોંધાયેલ એક દર્દી રિકવર થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલ કેસ સાથે એક્ટીવ કેસની સંખ્યા બે છે. બન્ને દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

તંત્રએ આજે નોંધાયેલ કેસના સંપર્કમાં આવેલ ૪ વ્યક્તીના નમૂના લઈ અને તપાસ માટે મોકલી આપ્યા છે. ગાંધીનગરમાં જે રીતે કેસો મળવાના શરૂ થયા છે તેને લઈ હવે આગામી દિવસોમાં ટેસ્ટીંગના ડોમ શરૂ કરવા માટે પણ તંત્ર દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી છે.

મોસમના વિચિત્ર મિજાજથી વાયરલ ફીવરના દર્દીઓ વધે તેવી સંભાવના

ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના દર્દીઓ ઘટયા પરંતુ મોસમના બદલાતા મિજાજથી જન આરોગ્ય પ્રભાવિત : દમ અને શ્વાસના દર્દીઓની તકલીફ વધી : વાદળિયા વાતાવરણના અંતે વાયરલ ફીવરના કેસ વધવાની સંભાવના

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ મહીનાથી ચિકનગુનિયા, ડેન્ગ્યુએ આતંક મચાવ્યો છે. દર બે ઘરે ચિકનગુનિયા કે ડેન્ગ્યુના દર્દીઓ જોવા મળી રહ્યા હતા જયારે હવે ચિકનગુનિયા અને ડેન્ગ્યુના કેસમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો હોવાનુ તબીબી સુત્રો જણાંવી રહ્યા છે. બીજીતરફ વાદળિયા વાતાવરણના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. જેના અંતે ફરી વાયરલ ફીવર અલબત્ત કોમન કોલ્ડના દર્દીઓ વધે તેવી સંભાવના છે. વરરસાદી વાતાવરણ વચ્ચે સુસવાટા મારતા પવનના લીધે દમ અને શ્વાસના દર્દીઓની મુંઝવણ પણ વધી છે.

સમગ્ર રાજયમાં ભર શિયાળે વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. વાદળિયા વાતાવરણ વચ્ચે સુસવાટા મારતા ઠંડા પવન સાથે મોસમનો મિજાજ કાંઈક અનોખો હોવાનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. વાતાવરણમાં પવનની સાથે ભેજનુ પ્રમાણ પણ વધતા દિવસ દરમિયાન હળવા ઉકળાટનો પણ અહેસાસ કરતા શહેરીજનો નહીં ઠંડી કે નહીં ગરમીના ફીલીંગ વચ્ચે બેચેની અનુભવી રહ્યા છે. વાતાવરણ પલ્ટાના અંતે લઘુત્તમ તાપમાનમાં પણ કોઈ વિશેષ ફેર જોવા મળ્યો નથી જયારે બદલાતા મોસમના મિજાજ વચ્ચે જન આરોગ્ય પર વિપરિત અસરો થવાની સંભાવાના પ્રબળ બની છે. છેલ્લા બે ચાર દિવસથી કોરોનાના કેસમાં પણ નહીંવત વધારો જોવા મળ્યો છે. છેલ્લા ત્રણ મહીનાથી ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કહેરથી સેકટરવાસીઓ પરેશાન છે. સેકટરોમાં વરસાદી દિવસો બાદ વધતા મચ્છરના ઉપદ્રવના લીધે ડેન્ગ્યુ અને ચિકનગુનિયાએ કાળોકેર વર્તાવ્યો હતો જો કે ખાનગી તબીબોના મતે હવે સેકટરોમાં ડેન્ગ્યુ તેમજ ચિકનગુનિયાના કેસ ઘટી રહ્યા છે. અલબત્ત નવા કેસો આવતા બંધ થઈ રહ્યા છે. જયારે ચિકનગુનિયાના દર્દીઓ પણ આ વર્ષે ટુંકા સમયમાં પથારીમાંથી ઉભા થઈ જતા હોવાના લીધે દર્દીઓએ પણ રાહતનો શ્વાસ લીધો છે. આ સ્થિતિ વચ્ચે છેલ્લા બે ત્રણ દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી નઝારો સર્જાતા જન આરોગ્ય માટે વાયરલ ફીવરનો ખતરો હજુ યથાવત છે. બદલાતા વાતાવરણના લીધે શહેરમાં વાયરલ ફીવરના દર્દીઓ વધે તેવી સંભાવના છે. આ ઉપરાંત મોસમના બદલાતા નઝારા વચ્ચે શહેરમાં દમ અને શ્વાસના દર્દીઓની મુંઝવણ વધી છે. ડો બદ્રીશ સંઘવીના જણાંવ્યા મુજબ છેલ્લા ત્રણ મહીનાથી ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસમાં સતત વધારો થતો હતો જયારે છેલ્લા એક સપ્તાહથી મચ્છર જન્ય રોગચાળો થોડો અંકુશમાં આવ્યો છે. પરંતુ બદલાતા વાતાવરણ વચ્ચે ફરી વાયરલ ફીવરના દર્દીઓમાં વધારો થાય તેવી સંભાવના છે.

બેસણું

સ્વ. દક્ષાબેન શ્રવણકુમાર પરમાર

સ્વ. તા. ૧૦/૧૧/૨૦૨૧, બુધવાર

બેસણું તા. ૨૧/૧૧/૨૦૨૧, રવિવારના રોજ
સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦
સ્થળ : ભારત માતા મંદિર, સેક્ટર ૭એ, ગાંધીનગર-૩૮૨૦૦૭

લી.
શ્રવણકુમાર ચીકાભાઈ પરમાર - મો. ૯૪૨૭૩ ૧૮૦૭૩
દેવાંગ શ્રવણકુમાર પરમાર - મો. ૮૮૪૯૨ ૮૭૬૬૩
અંજના શ્રવણકુમાર પરમાર - મો. ૯૧૭૩૬ ૦૭૦૭૧

શહેરમાં નવા આવાસો બાંધવા માટે

ખાલી જગ્યાનો સર્વે કરી માસ્ટર પ્લાન તૈયાર કરાશે

જુના અને જોખમી આવાસો તોડવાનુ કામ ચાલી રહ્યુ છે : બીજીતરફ નવા આવાસો બાંધવા માટે હવે નવી સાઇટ પસંદ કરવા માટે પણ વિચારણા

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં નવા આવાસો બાંધવા માટે નિર્ણય લેવાયો છે. મુખ્યમંત્રીએ નવા ૧૪૦૦ આવાસો બાંધવા માટે રૂ ૩૧૫ કરોડના ખર્ચને મંજુરી આપી છે. હાલ પણ શહેરમાં નવા આવાસો બાંધવાની કામગીરી ચાલી રહી છે. સાત મજલાના નવા મકાનો બાંધવાની યોજના અન્વયે જગ્યાનો પણ પુરતો ઉપયોગ થઇ જાય અને ઓછી જગ્યામાં વધુ અને સુવિધાયુક્ત મકાનો બાંધવા માટે પણ પ્લાનીંગ કરાયુ છે. ત્યારે આવાસોના નિર્માણનુ કામ પણ આગામી બે વર્ષમાં પુર્ણ કરી દેવા માટે જણાંવાયુ છે. ત્યારે હવે સેકટરોમાં નવા આવાસોના નિર્માણ માટે ખાલી જગ્યાનો સર્વે હાથ ધરી રીપોર્ટ તૈયાર કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. સી ટી પી કક્ષાએથી આ મામલે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવશે ત્યારબાદ નવા આવાસોના નિર્માણની સાઇટ આખરી કરાશે

ગાંધીનગર શહેરમાં નવા આવાસો બનાવવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. એકબાજુ જુના અને જર્જરિત આવાસો તોડી નાંખવા માટે પણ સેકટરોમાં તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. વર્ષ ૨૦૦૫ થી પ્રથમ તબક્કામાં નિકાલ હેઠળના મકાનો જાહેર થયા બાદ સે-૧૬ માં આવાસો તોડવાનુ કામ શરૂ કરાયુ હતુ. જયારે અગાઉ સે-૬ માં પણ એક ભયજનક બ્લોક કડડભુસ થતા માર્ગ મકાન વિભાગે જોખમી આવાસોને વધુ ગંભીરતાથી લેવાનુ શરૂ કર્યુ હતુ. હાલની સ્થિતિએ સેકટરોમાં સ્થિત વિવિધ કેટેગરીના મકાનો અંદાજિત સાડા ચાર દાયકાથી જુના છે જેના લીધે આ આવાસોમાં વરસાદી દિવસોમાં પણ સતત પાણી અને પોપડા પડયા કરે છે. એકબાજુ જોખમી આવાસોમાં રહેતા રહીશો સતત નાની મોટી ફરિયાદો તંત્ર સમક્ષ કરતા રહે છે ત્યારે વસાહતીઓની ફરિયાના નિરાકરણ સાથે આવાસો ખાલી કરાવી તેમને વૈકલ્પિક વ્યવસ્થા પુરી પાડવાનુ પણ તંત્ર માટે સમસ્યારૂપ બન્યુ છે. એકબાજુ રહેણાંકને લાયક મકાનો રહ્યા નથી ત્યારે નવા મકાનો બાંધવાની યોજના અન્વયે પણ હજુ સમય લાગે તેમ છે. શહેરમાં નવા ૧૪૦૦ આવાસો બાંધવા માટે રૂ ૩૧૫ કરોડના ખર્ચને મંજુરી આપી દેવામાં આવી છે ત્યારે જુના અને જોખમી આવાસો ખાલી કરાવાની કામગીરી પણ ઝડપથી કરવી પડશે શહેરમાં અંદાજિત ૪૫૦૦ જેટલા મકાનો જોખમી હાલતમાં છે. જયારે જોખમી આવાસો પૈકી હજુ ૪૦ ટકા મકાનોમાં રહીશોનો વસવાટ હોવાનુ પણ સ્પષ્ટ થઈ રહ્યુ છે. નવા મકાનો બાંધવા માટે જુના આવાસો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. આ સ્થિતિને અનુલક્ષી ટુંકમાં ખાલી જગ્યાનો પણ ઝડપથી સર્વે હાથ ધરીને એક માસ્ટર પ્લાન તૈયાર કરાશે. સી ટી પી કક્ષાએથી આ માસ્ટર પ્લાન તૈયાર કરીને રીપોર્ટ સુપ્રત કરાશે જેના આધારે આવાસો બાંધવા માટે આગળ સ્થળ પસંદગીની પ્રક્રીયા પણ હાથ ધરાશે. હાલ સે-૨૯ માં નવા ૨૮૦ મકાનો બાંધવાનો નિર્ણય લેવાયો છે.

ભારતનું ચૂંટણી પંચ www.eci.gov.in

મતદારયાદી સુધારણા કાર્યક્રમ ૨૦૨૨ તા. ૦૧-૧૧-૨૦૨૧ થી ૩૦-૧૧-૨૦૨૧

વ્હાલા મતદારો, બસ થોડી મિનિટ ફાળવો
મોબાઈલ એપ અથવા ઓનલાઇન માધ્યમથી મતદાર સેવાઓ મેળવો

☑ મતદારયાદીમાં નામ નોંધણી
તા. ૧ - ૧ - ૨૨ ના રોજ આપની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ થતી હોય તો મતદાર તરીકે ચોક્કસ નોંધણી કરાવો. અથવા

☑ તમારા સરનામામાં ફેરફાર કરાવવા
જો તમે તાજેતરમાં તમારું રહેઠાણ બદલ્યું હોય તો અથવા

☑ મતદાર ઓળખપત્રમાં સુધારો કરાવવા
જો મતદાર ઓળખપત્રમાં તમારી વિગતમાં કોઈ ભૂલ હોય તો

મતદાર સેવાઓ મેળવવાનું હવે છે બહુ આસાન
મતદાર સેવાઓ મેળવવા વેબસાઈટ અથવા મોબાઈલ એપ જેવી ઓનલાઇન સેવાઓનો ઉપયોગ કરો અથવા ખાસ ઝુંબેશના દિવસે સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા દરમિયાન આપના વિસ્તારના મતદાન મથક ખાતે બી.એલ.ઓ. નો સંપર્ક કરો

ખાસ ઝુંબેશ દિવસ ૨૧-૧૧-૨૦૨૧, રવિવાર

વોટર હેલ્પલાઇન મોબાઈલ એપ ડાઉનલોડ કરીને અરજી કરો
વેબસાઈટની મુલાકાત લો www.voterportal.eci.gov.in or www.nvsp.in
મતદાર સુવિધા કેન્દ્ર અથવા આપના બી.એલ.ઓ.નો સંપર્ક કરો
૧૯૫૦ વોટર હેલ્પલાઇન

મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત | www.ceo.gujarat.gov.in | CEOGujarat | CEOGujarat | gujaratceo | કોઈ પણ મતદાર રહી ન જાય

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીકટ...
SANGHI CEMENT | ASTRAL PIPES | PRINCE PIPING SYSTEMS | Jaquar experience bathing | DR. FIXIT | Birla White | ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com